## વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો

કમિશનર મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા મહિલાઓના આરોગ્યલક્ષી, શૈક્ષણિક, આર્થિક, સામાજિક તેમ જ કાયદાકીય પ્રશ્નોનું યોગ્ય માર્ગદર્શન ઉપરાંત સંબંધિત વિભાગો સાથે સંકલન કરી મહિલા જાગૃતિ અને સશક્તિકરણની કામગીરી આ કેન્દ્રો દ્વારા કરવામાં આવે છે. આ કેન્દ્રો જિલ્લા તેમ જ તાલુકા કક્ષાએ કાર્યરત છે. આ કેન્દ્રોમાંથી ૧૦૦ કેન્દ્રોને બાઇસેગની મદદથી સેટેલાઇટ કોમ્યુનિકેશન સાથે જોડવામાં આવેલ છે જેના દ્વારા રાજ્ય સરકાર મહિલાઓ માટે સશક્તિકરણ કાર્યક્રમો તેમ જ વિવિધ તાલીમોનું આયોજન કરે છે.

**યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૧૦ અંતર્ગત રૂ. ૩૦૦.૦૦ લાખની જોગવાઈ સૂચવાઈ છે.**

**વર્ષ ૨૦૦૮-૦૯માં જિલ્લા સ્તરના કુલ ૨૭ અને તાલુકા સ્તરના ૨૫૦ સેન્ટરો કાર્યરત છે.**

**કુલ સેન્ટરમાંથી ૧૦૦ સેન્ટરોને બાયસેગ (સેટેલાઇટ) સાથે જોડવામાં આવેલ.**

**સંપર્ક : કેન્દ્રની માંગણી માટે : કમિશનર મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર**

**જરૂરી માર્ગદર્શન માટે : નજીકનું વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર (મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર)**